# રાજકોટ પ્રધાનમંત્રીના કાર્યક્રમ માટે ગાંધીનગર ડેપોની ૧૮ બસો દોડશે

## શહેરી બસ સેવા પ્રભાવિત થશે : શહેરી બસના રૂટમાં દોડતી બસસેવામાં આજે કાપ આવશે

ગાંધીનગર તા ૨૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગુજરાતના આગમનને અનુલક્ષી સમગ્ર તંત્ર તૈયારીમાં લાગી ગયુ છે. જયારે રાજકોટમાં જાહેરસભા ઉપરાંત દિવ્યાંગોનો કાર્યક્રમ તેમજ આજી ડેમની મુલાકાત પણ પ્રધાનમંત્રી લેવાના છે. ત્યારે રાજકોટ તરફના રૂટમાં યોગ્ય વાહનસેવા ઉપલબ્ધ થાય તેવું આયોજન પણ એસ ટી નિગમ દ્વારા કરવામાં આવ્યુ છે. ગાંધીનગર એસ ટી ડેપો કક્ષાએથી પણ ૧૮ જેટલી બસો ફાળવવામાં આવી છે. જેના પરિણામે આજે શહેરી બસ સેવાના રૂટ પણ પ્રભાવિત થશે. સ્થાનિક અપડાઉન કર્તાઓએ હાલાકી વેઠવી પડે તેવી પણ સંભાવના છે.

પ્રધાનમંત્રીની ગુજરાત મુલાકાત દરમિયાન રાજકોટમાં પણ



પી એમની જાહેરસભા યોજવાની છે. જયારે રાજકોટમાં પ્રધાનમંત્રીના કાર્યક્રમને અનુલક્ષી જરૂરી તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. બીજીતરફ રાજકોટમાં પી એમના કાર્યક્રમને અનુલક્ષી મુલાકાતીઓ માટે બસસેવાનુ યોગ્ય આયોજન પણ કરી દેવાયુ છે. રાજકોટ રૂટ માટે એસ ટી નિગમ દ્વારા વધારાની ટ્રીપો દોડાવાનુ નક્કી કરવામાં આવ્યુ છે. અલબત્ત બસો પણ આ રૂટ માટે ફાળવી દેવામાં આવી છે. ગાંધીનગર ડેપો દ્વારા પણ પી એમ ના કાર્યક્રમને અનુલક્ષી રાજકોટ રૂટ માટે ૧૮ બસો ફાળવવામાં આવી છે. જેના લીધે નગરની શહેરી બસ સેવા આજે પ્રભાવિત થશે. શહેરમાં કર્મચારીઓની અવરજવર માટે પોઈન્ટની બસ સેવા પણ કાર્યરત છે. જયારે અન્ય નોકરીયાત વર્ગ સહીત વિદ્યાર્થીઓ તેમજ નિયમિત અપડાઉન કર્તાઓ માટે પણ બસ સેવાના રૂટ ગોઠવી દેવાયા છે. જયારે વધારાના રૂટ માટે ખાસ બસસેવા ફાળવતા સ્થાનિક અપડાઉનકર્તાઓએ ઘણીવાર બસ માટે ફાંફે ચઢવાનો વારો આવે છે. પી એમના રાજકોટ કાર્યક્રમને અનુલક્ષીને પણ ગાંધીનગર ડેપોની ૧૮ બસો ફાળવવામાં આવી છે. જેના લીધે ગુરુવારે ૬૦ થી વધુ ટ્રીપો દોડશે નહીં. શહેરી બસસેવામાં કાપ મુકાતા અપડાઉન કર્તાઓને યોગ્ય સમયે બસ સેવા માટે હાલાકી વેઠવી પડશે. રાજકોટ રૂટ માટે બસ ફાળવવામાં આવતા શહેરી બસ સેવાના રૂટ પ્રભાવિત થશે.

# ઓફિસ આસીસ્ટન્ટની ખાલી પડેલી જગ્યાઓ માટે સચિવાલયમાં કાર્યરત ઉમેદવારોને પ્રથમ તક આપો

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની ૪૬૫૮ જગ્યાઓ માટે હાથ ધરાયેલ ભરતી પ્રક્રિયામાં સચિવાલય સેવાના ઓફિસ આસીસ્ટન્ટની ૪૨૭ જગ્યાઓ ફળવાઈ હતી. આ ૪૨૭ ઉમેદવારો પૈકી અમુક ઉમેદવારોની ઓફિસ આસીસ્ટન્ટની નાયબ સેકશન અધિકારી તરીકે નિમણૂંક કરવાની થતી હોઈ ઊંચા મેરિટ સહિતની ઓફિસ આસીસ્ટન્ટની જગ્યાઓ માટે વેઈટીંગ લિસ્ટમાં વિધાનસભા તથા જીપીએસસીમાં ફરજ બજાવતા ઉમેદવારોને તક આપ્યા બાદ વેઈટીંગ લિસ્ટ ઓપરેટ કરવાની ઉમેદવારોમાં માંગ ઉઠવા પામી છે.

બિનસચિવાલય કારકૂન અને સચિવાલય સેવાના ઓફિસ આસીસ્ટન્ટ સંવર્ગ વર્ગ-૩ની ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ ભરતી પ્રક્રિયામાં સચિવાલય ઓફિસ આસીસ્ટન્ટની ખાલી જગ્યાઓ પર વિધાનસભા તથા જીપીએસસીમાં ફરજ બજાવતા ઉમેદવારોમાં જે ઉમેદવારો ઊંચુ મેરિટ ધરાવતા હોય તેમનો પહેલા તક આપવા ઉમેદવારોએ મુખ્યમંત્રીને પત્ર લખી માંગ કરી છે. વેઈટીંગ લિસ્ટ ઓપરેટ કરતા પહેલા હાલમાં કાર્યરત ઉમેદવારોને પ્રથમ તક સચિવાલય ઓફિસ આસીસ્ટન્ટ તરીકે અપાય તેવો આ ઉમેદવારોનો આગ્રહ છે.

# મહિલા રોજગાર ભરતીમેળામાં ૭૩૫માંથી ૪૫૦ મહિલાઓની પ્રાથમિક પસંદગી કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા મહિલાઓ માટે ખાસ રોજગાર ભરતી મેળાનું આયોજન ૨૮મી જૂન, ૨૦૧૭ના રોજ પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેકટર-૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યો હતો. આ



ભરતીમેળાને જિલ્લા કલેકટર સતીશ પટેલના હસ્તે દીપપ્રાગટય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. મેળામાં ગાંધીનગર જિલ્લાની ૭૩૫ મહિલા ઉમેદવારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાંથી ૪૫૦ મહિલા ઉમેદવારોની ૩૦ કંપનીઓ દ્વારા પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. પસંદગી પામેલા ઉમેદવારોને બીજા તબક્કામાં ઈન્ટરવ્યું માટે બોલાવી જોબ પ્લેસમેન્ટ આપવામાં આવશે.

રોજગાર મેળાને ખુલ્લો મુકીને જિલ્લા કલેકટર સતીશ પટેલે જણાવ્યું હતું કે, જીવનમાં કારર્કિદીનો આરંભ હમેંશા નાની કે મધ્યમ નોકરીથી જ થાય છે. હંમેશા કામ બોલે છે, તેવું કહી જણાવ્યું હતું કે, જે વ્યક્તિ પુરેપુરી ધગશ અને લગનથી કામ કરે છે, તે ચોક્કસ વિકાસની ઉંચાઈ આંબી જાય છે. તેમણે સર્વ ઉમેદવારોને સરકારી નોકરીમાં હોય કે ખાનગી નોકરીમાં કયારે કામચોરી ન કરવાની ખાસ ટકોર કરી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છેલ્લા સાત મહિનામાં ૭ મેળાઓનું આયોજન કરીને ૩ હજારથી વધુ જિલ્લાના યુવાધનને નોકરીની તકો પુરી પાડી છે.

આ પ્રસંગે સર્વે મહાનુભાવો અને ઉમેદવારોનું કાઉન્સેલર નિર્મલભાઈ પટેલે સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના મહામંત્રી એમ.કે. ચૌધરી જીલ્લા રોજગાર કચેરીથી રોજગાર અધિકારી વી.એસ.પાંડોર, ઔધોગિક સ્વાસ્થ્ય સલામતીની કચેરી, ગાંધીનગરના બોડાત, લીડ બેંક મેનેજર એ. એલ. જેતાવત, બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાના ચૌહાણ તથા જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ગાંધીનગરના રાજનભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતીય કેમિકલ ઉદ્યોગને અમેરિકામાં ઝડપથી નિકાસ કરવા સલામતી અને સુરક્ષાના ધારાધોરણો વધારવાની જરૂર

ભારતમાં કેમિકલ ઉદ્યોગને સલામતી અને સુરક્ષાના પગલા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે, જેથી અમેરિકાની ઓથોરિટીઝ પાસેથી કેમિકલ નિકાસ માટે ઝડપથી મંજૂરી મળે. ટેકનોલોજીમાં પ્રગતિ થવાથી કેમિકલ પ્લાન્ટનાં જોખમોમાં વધારો થયો છે, જે માળખાગત અને પર્યાવરણના નુકશાન તરફ દોરી શકે છે તથા જાનહાનિ થઈ શકે છે. ઉદ્યોગને જોખમોનું નિવારણ કરવા અને ચોરી કે ભાંગફોડનું જોખમ ટાળવા કેમિકલ સુરક્ષાનું આંકલન કરવાની જરૂર છે તથા અમેરિકાના સુરક્ષા સાથે સંબંધિત ધારાધોરણોનું પાલન કરવા ઉચિત પગલાં લેવાની આવશ્યકતા છે. એશિયામાં ભારત ત્રીજો સૌથી મોટો કેમિકલ્સ ઉત્પાદક દેશ છે અને વિશ્વમાં છઠ્ઠો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. ભારતમાં દર વર્ષે આશરે રૂ. ૨૬,૬૦૦ કરોડના કેમિકલ્સની નિકાસ થાય છે, જેમાં ગુજરાતનો હિસ્સો આશરે ૧૮ ટકા છે. ભારત સમગ્ર વિશ્વમાં કેમિકલ્સની નિકાસ કરે છે, ત્યારે દેશમાંથી અમેરિકામાં અંદાજે વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ કરોડની નિકાસ થાય છે.

## તિરૂપતિ ફોમની સફળતાના શાનદાર ૩૦ વર્ષની ભવ્ય ઉજવણી

સમગ્ર ભારતમાં જાણીતી પ્રખ્યાત સ્વીટ ડ્રીમ બ્રાન્ડના મેટ્રેસીસ તથા એક્સેસરીઝ બનાવતી કંપની તિરૂપતિ ફોમ લિમિટેડ તાજેતરમાં સફળતાના ૩૦મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ઉત્કૃષ્ટ ગુણવત્તા અને ગ્રાહક સંતોષના પાયા પર સ્થાપવામાં આવેલી કંપનીએ આજે સમગ્ર ભારતમાં લકઝરી મેટ્રેસ અને એક્સેસરીઝની બજારમાં એક આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે. કંપની દ્વારા સફળતાના ૩૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે કંપનીની સફળતાના સાચા ભાગીદાર એવા ડીલર મિત્રોની સાથે સેલ્વાસા અને અમદાવાદમાં ડિલર કોન્ફરન્સ અને મિલન સમારંભ સાથે ભવ્ય ઉજવણી કરી હતી. આવનારા સમયમાં કંપની વધુને વધુ સુંદર અને આરામદાયક ઉત્પાદનો આપવા માટે કટિબદ્ધ છે. કંપનીની સફળતાના ૩૦ વર્ષોની ઉજવણીના ભાગરૂપે કંપની દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ ગ્રાહકલક્ષી ઓફર પણ રજૂ કરવામાં આવશે તેમ કંપનીના એકઝીક્યુટીવ ડાયરેક્ટર દિપકભાઈ મહેતાએ જણાવ્યું હતું.

# આજે રાજકોટમાં ઘેર-ઘેર દીવા પ્રગટાવાશે

ગાંધીનગર, તા. ૨૮

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટની આનંદી અને હોંશીલી પ્રજાને ૨૯ જુને સાંજે સાડા સાતથી આઠ વચ્ચે તેમના ઘરમાં નર્મદા મૈયાના આગમન નિમિત્તે એક દીવો અચૂક પ્રગટાવવા



પ્રેમભર્યો અનુરોધ કર્યો છે.

મુખ્યમંત્રીએ રાજકોટ-વાસીઓ માટે ૨૯ જુનના દિવસને સોનાના સૂરજ સમાન ગણાવ્યો હતો. આજી નદીમાં આવેલા નર્મદા નીરે રાજકોટને પાણી-પાણી કરી મુકયું છે, ત્યારે નર્મદાના વારિને વધાવવા ખાસ રાજકોટ પધારતા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રાજકોટના રાજમાર્ગો પર યોજાનારા રોડ શોમાં પણ અચૂક ભાગ લેવા મુખ્યમંત્રીએ રાજકોટના રહીશોને મીઠાશભર્યું ઈજન પાઠવ્યું હતું.

રાજકોટની વિવિધ ખાસિયતોથી સુપેરે પરિચિત રહેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગમનને જીવનભરનું સંભારણુ બનાવવા મુખ્યમંત્રી વિજયભાઈએ રાજકોટના નાગરિકોને હાકલ કરી હતી. નર્મદાનું પાણી રાજકોટવાસીઓની પીવાના પાણીની જરૂરિયાત તો પુરી કરશે જ, તદુપરાંત, રાજકોટ જિલ્લા તથા શહેરના આસ-પાસના ગામડાંઓને પિયત માટે પણ પૂરતા પ્રમાણમાં પાણી પ્રાપ્ત થશે, એવી રાજકોટવાસીઓને રૂપાણીએ બાંહેધરી આપી હતી.

એક સમયમાં પાણીની કારમી અછત ભોગવતા રાજકોટ શહેર તથા જિલ્લાને માં નર્મદા આવનારા સૈકાઓ સુધી પાણી પૂરૂં પાડશે, એવો આશાવાદ મુખ્યમંત્રીની વાણીમાંથી સ્પષ્ટ છલકાતો હતો. મુખ્યમંત્રીએ તેમના પ્રજા જોગ નિવેદનમાં ખાસ ઉમેર્યું હતું કે, રાજયના મુખ્યમંત્રી તરીકે નહીં, પરંતુ રાજકોટના પ્રતિનિધિ તરીકે તેઓ રાજકોટની જનતાને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની રાજકોટ મુલાકાતને ચિરસ્મરણીય અને સીમાચિન્હ સ્થાપક બનાવવા હૈયાના હેતથી નિમંત્રણ પાઠવે છે. તમામ રાજકોટવાસીઓને સાંજે સાડા સાતથી આઠ વચ્ચે પોતાના ઘરમાં એક દીવો અચૂક પ્રગટાવવા તેમણે આગ્રહભર્યું આમંત્રણ આપ્યું હતું.

